ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Dst Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.

Date: 23rd June, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.................................,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગર, સંચાલિત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા,

**9327 થી વધારે વ્યક્તિઓએ ગ્રહણને YouTube Live અને Facebook Live ડિજિટલ પ્લેટફોર્મ તેમજ પીનહોલ કેમેરા દ્વારા નિહાળેલ.**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

કોરોના મહામારી સમયે તા.૨૦-૦૬-૨૦૨૦ ના રોજ સાંજે ૮ કલાકે સૂર્ય ગ્રહણ સાથે સંકળાયેલી ધાર્મિક તથા વૈજ્ઞાનિક બાબતો પર આધારિત એક વેબિનારનું આયોજન કરવામાં આવેલ. આ વેબીનારમાં ૧૪૨૩ થી વધારે લોકો જોડાયા હતા અને માહિતી પ્રાપ્ત કરેલ. તેમજ તા.૨૦-૦૬-૨૦૨૦ના રોજ સવારે 10 કલાક થી બપોરના 1:30 કલાક દરમ્યાન થયેલ સૂર્ય ગ્રહણને ખગોળપ્રેમીલોકો સુધી પહોંચાડવા માટે YouTube Live અને Facebook Live ડિજિટલ પ્લેટફોર્મના માધ્યમથી પ્રયાસ કરવામાં આવેલ. જેમાં ૯૩૨૭ થી વધારે વ્યક્તિઓએ ગ્રહણની આ અદભુત ઘટનાના સાક્ષી બન્યા. ઉપરાંત લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ઘેરબેઠા પીનહોલ કેમેરા વર્કશોપ દ્વારા પીનહોલ કેમેરા બનાવીને અનેક લોકોએ પીનહોલ કેમેરાથી ગ્રહણને નિહાળેલ.

સૂર્ય ગ્રહણ દરમ્યાન લોકોને થતા પ્રશ્નો કોમેન્ટમાં અથવા ફોન દ્વારા પૂછવામાં આવ્યા હતા, જેના સચોટ અને વૈજ્ઞાનિક જવાબો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કો-ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષી દ્વારા આપવામાં આવેલ.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન શ્રી ડો. ભાવેશ ભરાડ તમામ ખગોળ પ્રેમી જનતા અને પ્રેસ મીડિયા પરિવાનો આભાર વ્યક્ત કરે છે.

23-06-20
5:23 PM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.